શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
વર્ષ ૨૦૨૬ મા નવી સુવિધાઓ
ગેસ્ટ્રોએન્ટ્રોલોજી ડિપાર્ટમેન્ટ
(પેટ - આંતરડા - લીવરના રોગની અદ્યતન સારવાર)
ઉપલબ્ધ ડાંકટર્સની ટીમ (ઓ.પી.ડી... મંગળવાર - સાંજે ૩ થી ૪)
- ડાં. ધ્રુવિન શાહ - M.D.Medicine (Gold Medalist), DNB (Gastroenterologist)
- ડાં. ભાવિન પટેલ - M.D.Medicine, DNB (Gastroenterologist)
- ડાં. પ્રશાંત ડોબરીયા - M.D.Medicine, DNB (Gastroenterologist)
- ડાં. નિલેશ ગોધાણી - M.D.Medicine, DNB (Gastroenterologist)
ઓ.પી.ડી... સોમવાર, બુધવાર, શુક્રવાર - સાંજે ૩ થી ૪
- ડાં. જય ચોકસી - M.S., General Surgery - FMAS, DNB Surgical Gastroenterologist
હિમેટોલોજીસ્ટ ડિપાર્ટમેન્ટ
લોહી-રક્ત (બ્લડ)ને સંબંધિત રોગો તેમજ બ્લડને સંબંધિત કેન્સરના રોગ માટેના તજજ્ઞ હિમેટોલોજીસ્ટ તબીબની ઓ. પી. ડી. .... સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬
- ડાં. ચિરાગ ત્રિવેદી - M.D., DM in Clinical Haematology


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાળા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા
Osteoarthritis
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેદ્યાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
સુરત ૧૦૫, દેવાશિષ એપાર્ટમેન્ટ, ઉમરા રોડ, જાફરી સામે, ઇચ્છાનાથ, સુરત - ૩૯૫૦૦૭. Mo. : 75748 61851
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ પાંચમ રવિવાર ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૦૩

પાનાં ૧૨+ ૮ કિંમત ₹ ૬.૦૦

# ટ્રમ્પ ઘૂરાયાં: વિશ્વભરના દેશો પર 10% નવો ટેરિફ લાદ્યો

**સુપ્રીમ** કોર્ટના ચુકાદાથી કંઈ ફરક નહીં પડે: ટ્રમ્પ

**વિદેશી** દેશો અત્યારે ભલે નાચી લે, પણ આ ખુશી લાંબો સમય નહીં ટકે, અમારી પાસે અત્યંત શક્તિશાળી વિકલ્પો છે: ટ્રમ્પની ત્રાડ

**ટ્રમ્પનો** 10% ગ્લોબલ ટેરિફ 24 ફેબ્રુઆરીથી 150 દિવસ માટે

વોશિંગ્ટન, ૨૧ ફેબ્રુઆરી (AP): યુએસ સુપ્રીમ કોર્ટે શુક્રવારે ૬-૩ના બહુમતીથી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વ્યાપક વૈશ્વિક ટેરિફને રદ કરી દીધા છે. ટ્રમ્પના આર્થિક એજન્ડા માટે અત્યંત મહત્વના ગણાતા આ મુદ્દે તેમને મોટી હારનો સામનો કરવો પડ્યો છે.

આ પરાજયથી ગુસ્સે ભરાયેલા ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ વિકલ્પ તરીકે ૧૦ ટકા વૈશ્વિક ટેરિફ લાદશે અને અન્ય માધ્યમો દ્વારા પોતાની વેપાર નીતિઓ ચાલુ રાખશે. આ નવા ટેરિફ એવા કાયદા હેઠળ લાદવામાં આવશે જે તેની મર્યાદા

...અનુસંધાન પાના 11 પર


AFP

## ૨૪ ફેબ્રુઆરીથી લાગુ થશે ૧૦% ટેરિફ

રાષ્ટ્રપતિ ટ્રમ્પે એક આદેશ પર હસ્તાક્ષર કરીને વિશ્વભરના દેશો પર ૧૦% ટેરિફ લાદી દીધો છે. આ ટેરિફ ૨૪ ફેબ્રુઆરીથી અમલમાં આવશે.

## ટ્રમ્પે 'ટ્રેડ એક્ટ ઓફ 1974' હેઠળ નવા ૧૦ ટકાના વૈશ્વિક ટેરિફ જાહેર કર્યા છે

વ્હાઇટ હાઉસ દ્વારા જારી કરાયેલ ફેક્ટ શીટમાં જણાવવામાં આવ્યું છે કે ટ્રમ્પ 'ટ્રેડ એક્ટ ઓફ 1974' ની કલમ 122 હેઠળ તેમની સત્તાનો ઉપયોગ કરી રહ્યા છે, જે સરચાર્જ અને અન્ય વિશેષ આયાત નિયંત્રણો દ્વારા અમુક મૂળભૂત આંતરરાષ્ટ્રીય ચૂકવણીની સમસ્યાઓને ઉકેલવા માટેની સત્તાઓ પ્રમુખને આપે છે. આ જાહેરનામું 150 દિવસના ગાળા માટે અમેરિકામાં આયાત થતી વસ્તુઓ પર 10 ટકા 'એડવેલોરમ' (મૂલ્ય આધારિત) આયાત જકાત લાદે છે. આ કામચલાઉ આયાત જકાત 24 ફેબ્રુઆરીએ પૂર્વીય માનક સમય મુજબ મધ્યરાત્રિએ 12:01 વાગ્યાથી અમલમાં આવશે. શું છે સેક્શન ૧૨૨? આ કાયદા હેઠળ રાષ્ટ્રપતિ લાંબી તપાસ પ્રક્રિયા વિના કામચલાઉ ધોરણે ટેરિફ લગાવી શકે છે. સામાન્ય રીતે આ ટેરિફ ૧૫૦ દિવસ સુધી અમલમાં રહી શકે છે. આ સમય દરમિયાન સરકાર સ્થિતિની સમીક્ષા કરે છે અને આગળનો નિર્ણય લે છે.

## કઈ વસ્તુઓને મુક્તિ મળશે?

વ્હાઇટ હાઉસ દ્વારા જારી કરવામાં આવેલી ફેક્ટ શીટ મુજબ, ટ્રમ્પ 1974ના ટ્રેડ એક્ટની કલમ 122 હેઠળ તેમની સત્તાનો ઉપયોગ કરી રહ્યા છે. અમુક વસ્તુઓને આ 10 ટકા ડ્યૂટીમાંથી મુક્તિ આપવામાં આવી છે, જેમાં નીચે મુજબનો સમાવેશ થાય છે:

» ક્રિટિકલ મિનરલ્સ (જરૂરી ખનિજો) અને ઉર્જા ઉત્પાદનો.
» ખાતર અને કુદરતી સંસાધનો જે અમેરિકામાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી.
» અમુક કૃષિ ઉત્પાદનો (જેમ કે બીફ, ટામેટાં અને નારંગી).
» દવાઓ (ફાર્માસ્યુટિકલ્સ) અને તેના ઘટકો.
» અમુક ઇલેક્ટ્રોનિક્સ અને પેસેન્જર વાહનો, બસો તથા એરોસ્પેસ ઉત્પાદનો.

## નિક્સને ૫૫ વર્ષ પહેલાં લગાવ્યો હતો ૧૦% ગ્લોબલ ટેરિફ

વર્ષ ૧૯૭૧ માં અમેરિકા અને વિશ્વ વચ્ચે વેપાર અને 'બેલેન્સ ઓફ પેમેન્ટ' માં ભારે અસંતુલન

...અનુસંધાન પાના 11 પર



» આજકાલ દુનિયાભરમાં ઓનલાઇન ખરીદીનું ચલણ ઘણુ વધી ગયું છે અને જાત જાતની વસ્તુઓ ઇ-કોમર્સ પ્લેટફોર્મ્સ પર મળી રહે છે, જે લોકો ઘરબેઠા મંગાવી શકે છે. પરંતુ બ્રિટનમાં તો હાલમાં હદ થઇ ગઇ હતી, જેમાં ફેસબુક માર્કેટપ્લેસ પર એક જૂના બોઇંગ વિમાનની બોડી વેચાવા મૂકાઇ હતી! ડર્બીશાયરના રહેવાસી એવા ડેવ બિલિંગ્સ નામના શખ્સે ૪૦૦૦ પાઉન્ડની કિંમતે આ વિમાનનો ભાગ મંગાવ્યો પણ ખરો, જે ટ્રકમાં લાવવામાં આવ્યો હતો. હવે આ ભાઇ આ વિમાનને અણુ હુમલા વખતે રક્ષણ માટેના અંડરગ્રાઉન્ડ બોગદાનું સ્વરૂપ આપી રહ્યા છે.

# ટ્રમ્પના નવા આદેશ બાદ ભારત માટે ટેરિફ ઘટીને 10%

**અમેરિકી** સુપ્રીમ કોર્ટે હાલના ટેરિફો રદ કર્યા બાદ ટ્રમ્પે નવેસરથી ૧૦ ટકા હંગામી વૈશ્વિક ટેરિફ જાહેર કરતા ભારતને પણ તે ટેરિફ લાગુ પડશે

**વેપાર** કરાર હેઠળ નક્કી થયેલા ૧૮ ટકા ટેરિફ રદ થયા છે, નવા ટેરિફ ૨૪મીથી 150 દિવસના ગાળા માટે અમલી બનશે

### ભારત પર લાગુ ટેરિફની સફર

ભારત પરના ટેરિફ દરોમાં છેલ્લા કેટલાક મહિનામાં આવેલા ઉતાર-ચઢાવને નીચેના કોષ્ટક દ્વારા સમજી શકાય છે:

| સમયગાળો | ટેરિફનો પ્રકાર | કુલ ટેરિફ દર |
|---|---|---|
| ઓગસ્ટ 2025 | રેસીપ્રોકલ ટેરિફ + રશિયન ઓઈલ પેનલ્ટી | (25% + 25%) **50%** |
| ફેબ્રુઆરીની શરૂઆત | વચગાળાનો વેપાર કરાર (પેનલ્ટી (હટાવી | અને 18% નો) **25%** (પ્રસ્તાવ |
| ફેબ્રુઆરી 2026 થી 24 | ટ્રમ્પનો નવો વૈશ્વિક સરચાર્જ | **10%** |

ન્યૂયોર્ક/વોશિંગ્ટન, 21(PTI): અમેરિકામાં આયાત કરવામાં આવતી વસ્તુઓ પર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નવા વૈશ્વિક લેવી(કર) ની જાહેરાત બાદ, ભારત માટે હવે ટેરિફ દર 18 ટકાથી ઘટીને 10 ટકા થયો છે. તેમની વ્યાપક ટેરિફ યોજનાઓ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ આ જાહેરાત કરવામાં આવી છે.

'મૂળભૂત આંતરરાષ્ટ્રીય ચૂકવણીની સમસ્યાઓના નિરાકરણ માટે હંગામી આયાત સરચાર્જ લાદવા' શીર્ષક હેઠળના એક જાહેરનામામાં ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ 150 દિવસના સમયગાળા માટે યુનાઈટેડ સ્ટેટ્સમાં આયાત કરવામાં આવતી વસ્તુઓ પર 10 ટકાનો કામચલાઉ આયાત સરચાર્જ લાદી રહ્યા છે, જે 24 ફેબ્રુઆરીથી અમલી બનશે. વિશ્વભરના દેશોને લાગુ પડનારા આ નવા 10 ટકાના ટેરિફ દરને જોતાં, અમેરિકામાં આયાત થતી ભારતીય વસ્તુઓ પર હવે 18 ટકાનો ટેરિફ દર લાગુ થશે નહીં, જે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર પરના વચગાળાના કરારના માળખાની જાહેરાત બાદ નક્કી કરવામાં આવ્યો હતો.

ટ્રમ્પના બીજા કાર્યકાળના મુખ્ય આર્થિક એજન્ડાને મોટા ઝટકા સમાન, અમેરિકી સુપ્રીમ કોર્ટે ચીફ જસ્ટિસ જોન રોબર્ટ્સ દ્વારા લખાયેલા 6-3 ના ચુકાદામાં ઠરાવ્યું હતું કે વિશ્વના દેશો પર ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ ગેરકાયદેસર હતા અને પ્રમુખે જ્યારે આ વ્યાપક ટેક્સ લાદ્યા ત્યારે તેમણે પોતાની સત્તાની મર્યાદા વટાવી હતી.

અગાઉ આ મહિનાની શરૂઆતમાં, જ્યારે અમેરિકા અને ભારતે વેપાર પરના વચગાળાના કરાર માટેના માળખા પર સંમતિ સધાઈ હોવાની જાહેરાત કરી હતી, ત્યારે ટ્રમ્પે રશિયન તેલની ખરીદી માટે ભારત પર લાદવામાં આવેલા 25 ટકા દંડાત્મક ટેરિફને દૂર કરવાનો એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કર્યો હતો. આ વેપાર સોદા હેઠળ, વોશિંગ્ટન નવી દિલ્હી પર ઘટાડેલો રેસિપ્રોકલ ટેરિફ વસૂલશે, જે તેને 25 ટકાથી ઘટાડીને 18 ટકા કરશે એમ કહેવામાં આવ્યું હતું.

**ટેરિફમાં મોટી રાહત કે નવી ગૂંચવણ?**

# ટેરિફ ચુકાદાની અસરોનો ભારત અભ્યાસ કરે છે

**સુપ્રીમ** કોર્ટે ટેરિફ રદ કર્યા અને તેના પછી ટ્રમ્પે નવા દસ ટકા ટેરિફ જાહેર કર્યા તે સહિતની ગતિવિધિઓ અને તેની અસરોનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે

નવી દિલ્હી, 21(PTI): વાણિજ્ય મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે ભારત સરકાર અમેરિકી ટેરિફ અંગેના ઘટના વિકાસ અને તેની અસરોનો અભ્યાસ કરી રહી છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, અમે ગઈકાલે ટેરિફ અંગેના અમેરિકી સુપ્રીમ કોર્ટના ચુકાદાની નોંધ લીધી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ આ સંદર્ભમાં પત્રકાર પરિષદને સંબોધિત કરી છે. અમેરિકી વહીવટીતંત્ર દ્વારા કેટલાક પગલાંની જાહેરાત કરવામાં આવી છે. અમે આ તમામ ગતિવિધિઓ અને તેની અસરોનો અભ્યાસ કરી રહ્યા છીએ.

અત્રે ઉલ્લેખનીય છે કે એક મહત્વના ચુકાદામાં અમેરિકાની સુપ્રીમ કોર્ટે પ્રમુખ ટ્રમ્પે કટોકટીના કાયદા હેઠળ લાદેલા તમામ વૈશ્વિક ટેરિફ રદ કર્યા હતા. ત્યારબાદ, 20 ફેબ્રુઆરીના રોજ ટ્રમ્પની ઘોષણામાં કહેવામાં આવ્યું હતું કેઃ હું 24 ફેબ્રુઆરી, 2026 થી અમલમાં આવે તે રીતે, અમેરિકામાં આયાત કરવામાં આવતી વસ્તુઓ પર 150 દિવસના સમયગાળા માટે 10 ટકાનો અસ્થાયી આયાત સરચાર્જ લાદું છું. આ પહેલા અમેરિકાએ ઓગસ્ટમાં ભારત પર 25 ટકાનો રેસીપ્રોકલ ટેરિફ લાદ્યો હતો. ત્યારબાદ, રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવા માટે વધારાનો 25 ટકા ટેરિફ લાદવામાં આવ્યો હતો, જેનાથી ભારત પર કુલ ટેરિફ વધીને 50 ટકા થઈ ગયો હતો. તેના પછી આ મહિનાની શરૂઆતમાં, બંને દેશો વચગાળાના વેપાર કરારને અંતિમ રૂપ આપવા માટે સંમત થયા હતા, જે હેઠળ વોશિંગ્ટને ટેરિફ ઘટાડીને 18 ટકા કર્યો હતો. અત્યાર સુધીમાં, દંડાત્મક 25 ટકા ટેરિફ હટાવી દેવામાં આવ્યો છે, જ્યારે બાકીનો 25 ટકા હજુ અસ્તિત્વમાં છે. આ નવી ઘોષણા પછી, ભારતીય માલ પર ટેરિફ હવે 10 ટકા રહેશે.

# ટ્રમ્પે ન્યાયાધીશોને 'મૂર્ખ અને પાલતુ' ગણાવ્યા

**પોતે** જેમની નિમણૂક કરી હતી તે જજોને ખાસ નિશાન બનાવ્યા

**ટ્રમ્પે** જજો પર આ રીતે વ્યક્તિગત હુમલો કર્યો તેની વરિષ્ઠ નિષ્ણાતે ટીકા કરી

વોશિંગ્ટન, તા. ૨૧(AP): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સુપ્રીમ કોર્ટ પ્રત્યેની જે દ્રષ્ટિ હતી-જેમાં તેમના દ્વારા નિયુક્ત ત્રણ ન્યાયાધીશો તેમના પ્રત્યે વ્યક્તિગત રીતે વફાદાર રહે-તે શુક્રવારે કોર્ટના પોતાના દ્રષ્ટિકોણ સાથે ટકરાઈ હતી. જ્યારે છ ન્યાયાધીશોએ કટોકટી સત્તાના કાયદા હેઠળ લાદવામાં આવેલી વૈશ્વિક ટેરિફની ટ્રમ્પની મહત્વની આર્થિક નીતિને રદ કરવા માટે મતદાન કર્યું હતું.

ટ્રમ્પે તેમની વિરુદ્ધ ચુકાદો આપનાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો પર આકરા પ્રહારો કર્યા હતા અને તેમને મૂર્ખ અને પાલતુ (લેપડોગ્સ) ગણાવ્યા હતા. શુક્રવારે વ્હાઈટ હાઉસ ખાતે પત્રકાર પરિષદમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, ટેરિફ પર સુપ્રીમ કોર્ટનો ચુકાદો અત્યંત નિરાશાજનક છે. કોર્ટના અમુક સભ્યોએ આપણા દેશ માટે જે સાચું છે તે કરવાની હિંમત ન બતાવી તે બદલ મને ખરેખર શરમ આવે છે.

આ પરિણામને કારણે ટ્રમ્પે ન્યાયાધીશો પર અસામાન્ય રીતે સખત વ્યક્તિગત હુમલો કર્યો હતો, જેમાં ખાસ કરીને તેમની અવજ્ઞા કરનારા બે ટ્રમ્પ-નિયુક્ત ન્યાયાધીશો સામે ભારે રોષ ઠાલવ્યો હતો. આ કેસ ટ્રમ્પના વેપારથી લઈને ઈમિગ્રેશન નીતિ સુધીના અનેક વણચકાસાયેલા, છતાં ભારપૂર્વક જણાવેલા આદેશો અને કોર્ટની પોતાની સ્વતંત્રતા જાળવી રાખવાની તેમજ પ્રમુખની સત્તા પર અંકુશ તરીકે કામ કરવાની ક્ષમતા માટે એક પડકાર સમાન હતો.

મુખ્ય ન્યાયાધીશ જોન રોબર્ટ્સ દ્વારા લખાયેલા નિર્ણયના થોડા કલાકો બાદ વ્હાઈટ હાઉસના બ્રીફિંગ રૂમમાં ટ્રમ્પે કહ્યું હતું કે, ટેરિફ પર સુપ્રીમ કોર્ટનો ચુકાદો અત્યંત નિરાશાજનક છે અને મને કોર્ટના અમુક સભ્યો માટે શરમ આવે છે, સંપૂર્ણપણે શરમ આવે છે કે તેઓ દેશ માટે જે યોગ્ય છે તે કરવાની હિંમત બતાવી શક્યા નથી. ટ્રમ્પે કહ્યું કે તેમને કોર્ટમાં ડેમોક્રેટિક પક્ષ દ્વારા નિયુક્ત ત્રણ સભ્યો પાસેથી આવી જ અપેક્ષા હતી. તેમણે ઉમેર્યું, પરંતુ તમે તેમની વફાદારી પર શંકા ન કરી શકો. તે એવી બાબત છે જે તમે અમારા કેટલાક લોકો (નિયુક્ત

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૧-૦૨-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૪° સે. | ૧૯.૮° સે. | ૨૫% |

# ભારત-બ્રાઝિલે ૨૦ અબજ ડોલરનો વાર્ષિક વેપાર લક્ષ્યાંક નક્કી કર્યો

**ભારતની** મુલાકાતે આવેલા બ્રાઝિલના પ્રમુખ લુલા સાથે વડાપ્રધાન મોદીની મંત્રણા

**મહત્વના** ખનિજોના ક્ષેત્રોમાં સહયોગ માટે બંને દેશો વચ્ચે કરાર

**આતંકવાદના** સામના માટે બંને દેશો સંમત

નવી દિલ્હી, તા. 21(PTI): ભારત અને બ્રાઝિલે શનિવારે આગામી પાંચ વર્ષમાં 20 અબજ અમેરિકી ડોલરનો વાર્ષિક દ્વિપક્ષીય વેપાર લક્ષ્યાંક નક્કી કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના પ્રમુખ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વા વચ્ચેની વ્યાપક મંત્રણા બાદ બંને દેશોએ ક્રિટિકલ મિનરલ્સ (મહત્વના ખનિજો) ના ક્ષેત્રમાં સહયોગ માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.



## યુએન સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદના દાવાને બ્રાઝિલનો ટેકો

બ્રાઝિલના પ્રમુખે કહ્યું, અમે યુએન સુધારા, ખાસ કરીને યુએન સુરક્ષા પરિષદના સુધારા માટે અમારી પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો છે, જેથી તે ગ્લોબલ સાઉથના હિતોનું પ્રતિનિધિત્વ કરે. બ્રાઝિલ અને ભારત સુરક્ષા પરિષદના કાયમી સભ્ય બનવા માટે સ્વાભાવિક ઉમેદવારો છે.

બંને નેતાઓએ સંરક્ષણ, ઉર્જા, આરોગ્ય સંભાળ અને ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના અન્ય

...અનુસંધાન પાના 11 પર

# અમેરિકા વેપાર કરાર અટકાવી દઈને શરતો પર નવેસરથી વાટાઘાટો કરો: કોંગ્રેસની માગ

**અમેરિકા** સાથેનો વેપાર કરાર દેશ માટે પીડા બની ગયો હોવાનું જણાવતા રાહુલ ગાંધી

નવી દિલ્હી, 21 ફેબ્રુઆરી (PTI): અમેરિકી સુપ્રીમ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા પરસ્પર ટેરિફને અમાન્ય જાહેર કર્યા પછી, કોંગ્રેસે શનિવારે માંગ કરી હતી કે સરકાર વચગાળાના વેપાર કરારને સ્થગિત કરે અને સોદાની શરતો પર ફરીથી વાટાઘાટો કરે.

અમેરિકાની સુપ્રીમ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વૈશ્વિક ટેરિફ રદ કર્યા બાદ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર તડજોડ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે ભારત-અમેરિકા વચગાળાના વેપાર સોદામાં તેમનો વિશ્વાસઘાત હવે ખુલ્લો પડી ગયો છે.કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાનની લાચારી અને શરણાગતિને કારણે આ વેપાર સોદો દેશ માટે એક પીડા બની ગયો છે. રાહુલ ગાંધીએ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું કે, PM સાથે તડજોડ થયેલી છે. તેમનો વિશ્વાસઘાત હવે ખુલ્લો પડી ગયો છે. તેઓ ફરીથી વાટાઘાટો કરી શકે તેમ નથી. તેઓ ફરી શરણાગતિ સ્વીકારશે. આ નિવેદન અમેરિકાની સુપ્રીમ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વૈશ્વિક ટેરિફને રદ કર્યાના એક દિવસ બાદ આવ્યું છે.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે દાવો કર્યો હતો કે જો વડાપ્રધાન મોદી પોતાની નબળી છબી બચાવવા માટે આટલા આતુર ન હોત અને માત્ર 18 દિવસ વધુ રાહ જોઈ હોત, તો ભારતીય ખેડૂતોને વેદના અને સંકટમાંથી બચાવી શકાયા હોત અને ભારતની સંપ્રભુતાનું રક્ષણ થયું હોત.

...અનુસંધાન પાના 11 પર